પૂર્વછાયો- વળી શહેર વડોદરે, નક્કી ભક્ત નાથજી નામ ।
તન ધન ભવન આદિ, આણ્યું હરિને કામ ॥૧॥

કામ ક્રોધ ને લોભ મોહ, આવે નહિ કેદિ અંગ ।
નક્કી નકોર નિઃસંશે નિશ્ચે, એવો જેને સતસંગ ॥૨॥
તેની તરુણી તેહ જ તેવી, અતિ પવિત્ર છે એહ ।
સમેટી પ્રીત્ય સંસારથી, કર્યો શ્રીહરિમાં સનેહ ॥૩॥
અવધિ પોત્યે આવિયો, તેહના તે દેહનો કાળ ।
આવ્યા તેડવા તેહને, દીનબંધુ દીનદયાળ ॥૪॥

ચોપાઇ- આવ્યા તેડવા તેને મહારાજ, સંગે બહુ લઈ મુનિરાજ ।
લાવ્યા સુંદર સારાં વિમાન, તેડી ચાલ્યા તેને ભગવાન ॥૫॥
દિઠું સત્સંગી કુસંગી સહુએ, જોઈ આશ્ચર્ય માનિયું બહુએ ।
કહે આવુંતો ન દિઠું કયાંઈ, ચાલી વિમાને બેસી આ બાઈ ॥૬॥
વળી વાત કહું એક સારી, તેના સુતની છે સુખકારી ।
તેને ધારણા થાય હમેશ, કરે પ્રભુપાસે તે પ્રવેશ ॥૭॥
લાવે પ્રસાદી નિત્ય નવલી, બોર સાકર ખારેક ભલી ।
વળી શ્રીમુખે જમેલ જેહ, લાવે સોપારી તર્તની તેહ ॥૮॥
એવી પ્રસાદી જે બહુ પેર, આપે મહારાજ કરીને મહેર ।
વળી એક દિવસ દયાળ, જમ્યા પ્રકટ આવીને થાળ ॥૯॥
વળી રાયજી નામે છે જન, રહે નાથ ભેળો ભાઈ તન ।
તેના દેહનો આવિયો કાળ, આવ્યા તેડવા દીનદયાળ ॥૧૦॥
ત્યારે નાથજીએ કરી સ્તુતિ, બોલ્યા ત્યારે પ્રભુ પ્રાણપતિ ।
નહિ તેડી જાયે એને અમે, છો એકલા નાથભક્ત તમે ॥૧૧॥
પછી સહુને દરશન દીધાં, એમ કાજ નાથજીનાં કીધાં ।
આપે પરચા એમ અત્યંત, કહેતાં લખતાં ન આવે અંત ॥૧૨॥
વળી એક ભક્તની છે વાત, સંભળાવું સહુને સાક્ષાત ।
એક કણબી કિશોરદાસ, તેનો સુત લખો નામ તાસ ॥૧૩॥
તેને સમાધિનું સુખ અતિ, નિત્ય કરે નાથપાસે ગતિ ।
તેનો તાત કહે પૂછ્ય હરિને, જમે થાળ જો મહેર કરીને ॥૧૪॥
પૂછ્યું લખે પાડી તેની હાજ, કર્યો થાળ પછી હરિકાજ ।

આવ્યા જમવા શ્યામ સુજાણ, પ્રભુ પોત્યે પ્રકટ પ્રમાણ ॥૧૫॥
જમી અર્ધ લાડુ થાળમાંથી, પછી પધાર્યા પ્રભુજી ત્યાંથી ।
દીધાં બહુ જનને દરશન, નિરખી નાથને કહે ધન્ય ધન્ય ॥૧૬॥
વળી એક દિવસની વાત, કહે લખાને લખાની માત ।
તારી સમાધિ સાચીતો ગણું, થાય દ્રષ્ણ મને કૃષ્ણતણું ॥૧૭॥
ત્યારે લખે સમાધિમાં જઈ, એહ વાત મહારાજને કહી ।
ત્યારે મહારાજ કહે ઘણું સારું, એવું થાશે દર્શન અમારું ॥૧૮॥
પછી મોરમુગટ પીતાંબર, વાતા વાંસળી શ્યામ સુંદર ।
ધરી સોળ વર્ષનું સ્વરૂપ, અશ્વે બેઠા દિઠા છે અનુપ ॥૧૯॥
ત્યારે ડોશી કહે ધન્ય ધન્ય, થયું પ્રકટ પ્રભુનું દર્શન ।
આવી વાત દીઠી ન સાંભળી, અતિ અલૌકિક મને મળી ॥૨૦॥
એહ પર્યો અલૌકિક થયો, વળી લખો સમાધિમાં ગયો ।
તિયાં વાલે કરી અતિવાલ, દીધો દેહ લુઈને રૂમાલ ॥૨૧॥
આપ્યો સમાધિમાં અવિનાશે, જાગ્યો ત્યારે રહ્યો પોતા પાસે ।
લાવ્યો અલૌકિક લોકમાંઈ, એથી પર્યો મોટો નહિ કાંઈ ॥૨૨॥
વળી એક કુસંગીને કાજે, મેલ્યા દૂત લેવા જમરાજે ।
દેખી લખે વાત તેને કહિ, મારી પોળ્યમાં પેસવું નહિ ॥૨૩॥
ત્યારે જમ બોલ્યા ડારો દઈ, જા તું બેશ તારે ઘેર જઈ ।
ત્યારે લખો કે નહિ દેવું લેવા, બહુ જમ દીઠા મેં તું જેવા ॥૨૪॥
એમ કહીને વધાર્યું દેહ, માંડ્યા મારવા ભાગ્યા છે તેહ ।
ગીયો મારતો જમપુરીમાં, ભાગ્યા બીજા જે રહેતાતા તેમાં ॥૨૫॥
કરી ખાલી જ્યારે જમપુરી, જમે હરિ પાસે રાવ કરી ।
કહે નાથ જાઓ નહિ મારે, કહેજ્યો સહુને એને ન બીવારે ॥૨૬॥
એમ લખે રાખ્યો કુસંગીને, જમ ભાગી ગયા સહુ બીને ।
વળી એક પીતાંબર દાસ, લાવ્યો જામફળ લખાપાસ ॥૨૭॥
કહે જા તું સમાધિમાં લઈ, જમાડજ્યે ત્યાં નાથને જઈ ।
લીધું લખે દીધું હરિહાથે, જમી અર્ધ દિધું પાછું નાથે ॥૨૮॥

તે આપી પીતાંબરને પ્રસાદી, દિધા પરચા બહુ એહ આદિ ।
થયા લખાને પરચા લાખું, એક જીભે હું કેટલા ભાખું ॥૨૯॥
વળી ભક્ત ભગવાન દાસ, ચાલ્યો દર્શને દયાળુ પાસ ।
થયા સંગાતિ સુંદર શ્યામ, તેડી આવ્યા વરતાલ ગામ ॥૩૦॥
હતો આનંદ ઉત્સવ તિયાં, અતિ સુંદર દર્શન થિયાં ।
પછી ત્યાંથી જેતલપુર ગામે, કર્યો ઉત્સવ સુંદર શ્યામે ॥૩૧॥
તિયાં દીઠા છે દર્શન કરતાં, પ્રભુ મુખથકી ફુલ ઝરતાં ।
ઘડી ઉભે લગી એમ રહ્યું, નહિ પરોક્ષ એ પ્રત્યક્ષ થયું ॥૩૨॥
વળી કહી અંતરની વાત, જેમ હતી તેમ તે સાક્ષાત ।
એક દિવસ જમિયા થાળ, સહુ દેખતાં દીનદયાળ ॥૩૩॥
વળી આપી એકદિ પ્રસાદી, સારી સાકરની રાયજાદિ ।
એવી અલૌકિક વાત વળી, થઇ નોતિ દીઠી જે સાંભળી ॥૩૪॥
એક સત્સંગી જગજીવન, કરે સ્વામીશ્રીજીનું ભજન ।
તેને વાંક નાખ્યો વણ કીધો, ઝાલી બંધિખાનામાંહી દીધો ॥૩૫॥
કહે રૂપિયા લેશું હજાર, ત્યારે કાઢશું બેડીથી બહાર ।
એમ ડરાવે દુષ્ટ અપાર, આવ્યા તે સમે પ્રાણઆધાર ॥૩૬॥
કહે દંડનું દામ ન આલે, તને છોડાવશું અમે કાલે ।
પછી બીજે દાડે બેડી ભાંગી, કાઢ્યો દાસને વાર ન લાગી ॥૩૭॥
ત્યાર પછી મુવો એનો તાત, આવ્યા તેડવા પ્રભુ સાક્ષાત ।
તેતો દિઠા બીજે બહુ જને, નિર્ખિ નાથ મગન થયા મને ॥૩૮॥
વળી એકદિ જગજીવન, બેઠો કરવા હરિભજન ।
દિઠો તેજ તણો બિંબ ભારી, જોઇ ચકિત થયાં નરનારી ॥૩૯॥
એમ પામ્યો બહુ ચમત્કાર, કહેતાં લખતાં ન આવે પાર ।
વળી ભક્ત કાછિયો ખુશાલ, જેને વાલા સાથે ઘણી વાલ ॥૪૦॥
તેની સુતા તે અમૃતબાઇ, ગઇ હરિપાસે સમાધિમાંઇ ।
દિધા પેંડા ત્યાં હરિએ હાથે, આપ્યો હાર જે પહેર્યો તો નાથે ॥૪૧॥
વળી ઇક્ષુ જમેલ માદળિયાં, સુંદર પ્રસાદીનાં બોર મળિયાં ।

એહ આદિ પ્રસાદી અનુપ, તેતો રહે જાગ્યે તદ્રૂપ ॥૪૨॥
જમે પોત્યે ને આપે બીજાને, જાણી અલૌકિક મુદ માને ।
એક કાછિયો બેચર વળી, તેની વાત કહું લ્યો સાંભળી ॥૪૩॥
જાય સમાધિમાં પ્રભુ પાસ, હરિ રાજી થાય દેખી દાસ ।
પછી આપે પ્રસાદી દયાળ, જાણી બેચરને નાનો બાળ ॥૪૪॥
લિંબુ મિઠાં જામફળ જેહ, આપે પેંડા પ્રસાદીના તેહ ।
ખાય પેંડા વખાણે છે બહુ, દેખે સત્સંગી કુસંગી સહુ ॥૪૫॥
કહે કુસંગી પારખ્યું લહીએ, ત્યારે સ્વામીજીને સાચા કહીએ ।
એમ કહીને લીધો બોલાવી, બેસ બેચરિયા આંહિ આવી ॥૪૬॥
તારાં વસ્ત્ર ઉતારીને લહીએ, લાવ્ય પ્રસાદી તો સાચો કહીએ ।
પછી ઉતારી લીધાં અંબર, કહે સમાધિ હવે તું કર ॥૪૭॥
પછી બેચરે સમાધિ કરી, ગયો જીયાં બેઠા હતા હરિ ।
પછી સામું જોઈ હરિ હશા, જોઈ એની દિગંબર દશા ॥૪૮॥
આપ્યા ત્રણય પેંડા તેહવારે, જાગી દેખાડ્યા સહુને ત્યારે ।
જોઈને સહુ આશ્ચર્ય પામ્યાં, ધન્ય સ્વામી કહી શિશ નામ્યાં ॥૪૯॥
એમ પરચા અપરમપાર, આપે અલબેલોજી આ વાર ।
તેણે વર્તે છે અતિ આનંદ, કહ્યું ન જાય નિષ્કુળાનંદ ॥૫૦॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય નિષ્કુળા
નંદમુનિ વિરચિતે ભક્તચિંતામણી મધ્યે શ્રીજી મહારાજે હરિજનને
પરચા પૂર્યા એ નામે એકસોને છેંતાળિસમું પ્રકરણમ્ ॥૧૪૬॥